આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરથ નથવાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **02-11-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## વિક્રમ સવંત 2081 નો પ્રારંભ

આકાશવાણી ભુજ,

વિક્રમ સંવત ૨૦૮૧ ના નૂતનવર્ષની સૌ શ્રોતાઓને શુભકામનાઓ સાથે સમાચાર અશરફ નથવાણી વાંચે છે.

વિક્રમ સંવત 2081 નાં આજથી આરંભાયેલ નવા વર્ષનાં પ્રજા વધામણા લઈ રહી છે. દીપાવલી અને નૂતન વર્ષ વચ્ચેનાં પડતર દિવસ પછી વિક્રમ સંવતનાં નવાં વર્ષને આવકારવા પ્રજા તત્પર બની છે. આજે દિવસ ચડતાં લોકો એકબીજાને નવા વર્ષની શુભેચ્છાની આપલે કરવા નીકળી પડશે. લોકોએ ઘરોને રંગોળી આસોપાલવનાં તોરણોથી સજાવ્યા છે. વ્યક્તિગત ઉપરાંત વિવિધ સંસ્થાઓ સમાજ રાજકીય પક્ષોનાં સ્નેહ મિલન યોજાશે.

આજે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ  પર્વની પણ ઉજવણી થાય છે. ભુજ અને અન્ય સ્થળોએ સ્વામિનારાયણ, સત્ય નારાયણ, આશાપુરા, વિગેરેમાં અન્નકૂટ દર્શન માટે ભાવિકો ઉમટી પડશે.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-રાજ્યપાલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભ દિવસે આજે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદન કરશે. ત્યારબાદ, તેઓ શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ અધિકારી મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવશે.

જયારે , રાજ ભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવ્યા બાદ અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે.

**RNU** અમદાવાદ

---------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે અમદાવાદના પીપળજ ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. જાહેર ખાનગી ભાગીદારીથી નિર્માણ પામેલો આ પ્લાન્ટ 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આની મદદથી એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી દરરોજ 15 મેગાવૉટ વીજળી ઉત્પન્ન થશે.

ઉલ્લેખનીય છે કે, આ પ્લાન્ટ ગુજરાતનો પહેલો વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટ છે.

**RNU અમદાવાદ**

---

## કેન્દ્રીય રમતગમત મંત્રી

કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ યુવાનોને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય યુવા પુરસ્કાર 2022-23 માટે અરજી કરવા અપીલ કરી છે. આ એવૉર્ડ 15 થી 29 વર્ષની વય વચ્ચેના વ્યક્તિઓ અને સંસ્થાઓને આપવામાં આવે છે. જે વ્યક્તિઓ કે સંસ્થાઓ વિકાસ અને સામાજિક સેવાઓ જેવા કે આરોગ્ય, માનવ અધિકારોને પ્રોત્સાહન, સક્રિય નાગરિકતા અને સમુદાય સેવાના વિવિધક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય અને યોગદાન માટે એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કારમાં એક મેડલ, પ્રમાણપત્ર અને વ્યક્તિગતને એક લાખ રૂપિયા રોકડ પુરસ્કાર અને સંસ્થાને ત્રણ લાખ રૂપિયા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

---

## અંજાર વીર બાળક સ્મારક

અંજાર વીર બાળક સ્મારક મધ્યે દર વર્ષની જેમ આજે પણ સાંજે 5:30 વાગ્યે દિપોત્સવ-2024 નું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં વર્ષ-2001 ના ભુકંપમાં દિવંગત થયેલા વીર બાળકો, શિક્ષકો, પોલીસ કર્મીઓ ને શ્રન્ધાજલિ આપવામાં આવશે.

**N.P. / અશરફ નથવાણી**

---

## પ્રવાસીઓનો ધસારો

દિવાળી વેકેશનના પગલે જીલ્લાના પવાસના અને ધાર્મિક સ્થળો ખાતે પવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.  નારાયણસરોવર અને કોટેશ્વરમાં દિવાળીથી પ્રવાસીઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે.લાભ પાંચમ સુધી ભારે ભીડ રહેશે તેવું માનવામાં આવી રહ્યું છે.

નારાયણ સરોવરમા મુખ્ય મંદિરના દર્શન તેમજ કિલા ફરતે સહેલાણીઓ આનંદ લઈ રહ્યા છે.  અરબસાગર કિનારે કોટેશ્વરમાં પણ પ્રવાસીઓની ભીડ વધારે જોવા મળી રહી છે. મંદિરે દર્શન બાદ પ્રવાસીઓ દરિયા કિનારે ફરવાનો આનંદ લઈ રહ્યા છે.

N.P. / અશરફ નથવાણી

---

# ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી

સરકાર દ્વારા ખેડૂતો પાસેથી મગફળી, મગ, અળદ, સોયાબિન સહિતના પાકોની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે, જેના માટે ખેડૂતોની ઓનલાઇન નોંધણી માટેની સમય મર્યાદા વધારીને 10 નવેમ્બર સુધી લંબાવાઇ છે.

ખરીફ પાક 2024-25 માટે મગફળી 6783 રૂપિયા, મગ 8682 રૂપિયા, અળદ 7400 રૂપિયા, જ્યારે સોયાબિન 4892 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ખરીફ 2024-25 મા મૂલ્ય સમર્થન યોજના હેઠળ આ પાકોની ટેકાના ભાવે ખરીદી આગામી 11 નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ માટે જે ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવવાની બાકી રહી ગઇ હોય તેમણે ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેનથી વીસીઇ મારફતે નાફેડના ઇ-સમૃદ્ધિ પોર્ટલ પર કરાવી લેવા જણાવવામાં આવ્યું છે.

N.P. / અશરફ નથવાણી

---